સુનિતા વિલિયમ્સ બીજી વખત અંતરિક્ષની સફરે

રશિયન યાન સોયુઝથી રવાના થયા બાદ ૯ મિનિટમાં પહોંચ્યાં : ૪૬ વર્ષીય સુનિતા ચાર મહિના સુધી અંતરિક્ષ યાત્રી સાથે રહેશે : ૩૩થી વધુ વૈજ્ઞાનિક અભિયાનને અંજામ અપાય તેવી વકી : શોધ પર ધ્યાન કેન્દ્રિત

બૈકાનૂર, તા.૧૫

ભારતીય મૂળની અમેરિકન અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સ આજે પોતાનાં બીજાં અંતરિક્ષ અભિયાન હેઠળ બીજીવખત અંતરિક્ષમાં પહોંચી ગઈ હતી, આની સાથે જ માત્ર ભારતમાં જ નહીં બલ્કે અમેરિકામાં પણ ઉજવણી કરવામાં આવી હતી. સુનિતા રશિયન અંતરિક્ષ યાન સોયુઝથી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન આઈએસએસ માટે રવાના થઈ હતી. રશિયન અંતરિક્ષ યાન સોયુઝ ટીએમએ-૦૫એમ ભારતીય સમય મુજબ સવારે ૮.૧૦ મિનિટે કઝાખિસ્તાનનાં બૈકાનૂર અંતરિક્ષ કેન્દ્રથી રવાના થયું હતું. ૯ મિનિટ બાદ જ સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં પહોંચી ગઈ હતી. ચાર મહિનાનાં આ મિશનમાં ૪૬ વર્ષીય સુનિતાની સાથે રશિયન અંતરિક્ષ યાત્રી યુરીમલેન ચેંકો અને જાપાનનાં અંતરિક્ષ યાત્રી અકીહીકો હોશિબે પણ છે. સોયુઝ ટીએમએ મંગળવારનાં દિવસે નિર્ધારિત સમય મુજબ ૧૦.૨૨ વાગ્યે અંતરિક્ષ યાન આંતરરાષ્ટ્રીય સ્ટેશન સાથે જોડાઈ જશે. આઈએસએસનાં એક્સપેડેશન-૩૨નાં સભ્ય માટે સુનિતાની ભૂમિકા એક ફ્લાઈટ એન્જિનિય તરીકેની છે. સુનિતા અંતરિક્ષ સ્ટેશન પર પહોંચ્યા બાદ એક્સપેડેશન-૩૩ની કમાંડર બની જશે. અત્રે નોંધનીય છે કે, સુનિતાનાં પિતા ગુજરાત રાજ્ય સાથે સંકળાયેલા છે. વર્ષ ૧૯૯૮માં નાસાએ સુનિતા વિલિયમ્સની અંતરિક્ષ માટે પસંદગી કરી હતી. સુનિતાને એક્સપેડેશન-૧૪ની સભ્ય તરીકે આઈએસએસ મોકલવામાં આવી હતી. સુનિતા વિલિયમ્સે એક્સપેડેશન-૧૫માં પણ ભાગ લીધો હતો. સૌથી લાંબી એટલે કે ૧૯૫ દિવસની અંતરિક્ષ યાત્રા કરનાર મહિલાનો રેકોર્ડ હવે સુનિતાનાં નામ ઉપર છે.

સુનિતાએ વર્ષ ૨૦૦૬માં છ મહિના સુધી આઈએસએસમાં રહીને કામ કર્યું હતું. સુનિતાએ ૧૯૯૫માં ફ્લોરિડામાં ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાંથી પોસ્ટ ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી હતી. અંતરિક્ષ યાત્રીઓનાં આંતરરાષ્ટ્રીય સ્ટેશન પર પોતાનાં પ્રવાસ દરમિયાન ૩૦થી વધુ વૈજ્ઞાનિક અભિયાનને અંજામ આપવાની સંભાવના છે.

અંતરિક્ષમાં સુનિતા અને તેનાં સાથીઓની યોજના લંડનમાં થઈ રહેલાં ઓલિમ્પિકનાં પ્રસંગે પરિભ્રમણ કક્ષામાં એક રમતગમત આયોજનની પણ છે. સુનિતા વિલિયમ્સ પોતે સ્પોર્ટસ પ્રેમી છે. તેઓ અંતરિક્ષમાંથી લંડન ઓલિમ્પિક નિહાળવા ઈચ્છે છે.

ભારતનાં બીજાં સૌથી મોટાં કૉર્પોરેટ હાઉસ તરીકે એચડીએફસી

નવીદિલ્હી, તા.૧૫

ખાનગી ક્ષેત્રનાં શેરબજારનાં મૂલ્યાંકનની દૃષ્ટિએ તાતા બાદ એચડીએફસી ગ્રુપ ભારતનાં બીજાં સૌથી મોટાં કૉર્પોરેટ હાઉસ તરીકે ઉભરી આવવામાં સફળતા મેળવી છે. એચડીએફસી ગ્રુપે રિલાયન્સને પછડાટ આપીને બીજાં સૌથી વૅલ્યુડ કૉર્પોરેટ હાઉસ બનવામાં સફળતા મેળવી છે. ઍનર્જીથી રિટેલ ક્ષેત્રમાં કારોબાર ધરાવનાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રી ગ્રુપ ત્રીજા સ્થાને છે. ફાયનાન્શિયલ સર્વિસની મહાકાય કંપની એચડીએફસી ગ્રુપની કુલ માર્કેટ વૅલ્યુ ૨.૪૧ ટ્રિલિયન રૂપિયા છે. મીઠાંથી સૉફ્ટવેર સુધીનાં કારોબારમાં સામેલ તાતાની કુલ માર્કેટ વૅલ્યુ ૪.૪૨ ટ્રિલિયન રૂપિયા છે. તાતા બાદ એચડીએફસી ગ્રુપ માર્કેટ વૅલ્યુની દૃષ્ટિએ બીજાં સ્થાને છે. સરખામણી કરવામાં આવે તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રી ગ્રુપની માર્કેટ વૅલ્યુ ૨.૩૬ ટ્રિલિયન રૂપિયા છે. આ ગ્રુપનાં વૅલ્યુઍશનની ગણતરી હાલમાં જ કરવામાં આવી છે. તાતા હાલમાં ૩૦ લિસ્ટેડ કંપનીઓ ધરાવે છે જ્યારે આરઆઈએલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે.

એચડીએફસી ગ્રુપ ત્રણ ગ્રુપ ધરાવે છે જેમાં એચડીએફસી લિમિટેડ, એચડીએફસી બૅંક લિમિટેડ, ગૃહ ફાયનાન્સ લિમિટેડનો સમાવેશ થાય છે. એચડીએફસી ગ્રુપે આરઆઈએલ ગ્રુપને પછડાટ આપવામાં સફળતા મેળવી છે કારણ કે આ બે ચાવીરૂપ કંપનીઓનાં શેરની કિંમતમાં ઉછાળો થયો છે. એચડીએફસી બૅંક અને એચડીએફસી લિમિટેડનાં શેરમાં સુધારો થયો છે.

છેલ્લાં એક મહિનામાં એચડીએફસી બૅંકનાં શેરમાં ૭ ટકાનો સુધારો થયો છે જ્યારે એચડીએફસી લિમિટેડનાં શેરમાં ૩ ટકાનો સુધારો થયો છે. બીજીબાજુ આ સમયગાળામાં આરઆઈએલની માર્કેટ વૅલ્યુ ઘટી છે.

વિઝા ખર્ચ વધી જતાં આઈટી કંપનીઓનાં નફાને મોટો ફટકો

પ્રોફિટ માર્જિન ઉપર દબાણની સ્થિતિ

નવીદિલ્હી, તા.૧૫

માર્કેટલીડર ટીસીએસ અને ઈન્ફોસિસ સહિત ભારતીય આઈટી કંપનીઓને આગામી દિવસોમાં કર્મચારી વિઝા ફી માટે જંગી ખર્ચ કરવો પડે તેવી શક્યતા છે, જેનાં પરિણામ સ્વરૂપે તેમનાં પ્રોફિટ માર્જિન ઉપર દબાણ આવે તેવી શક્યતા છે. અમેરિકા જેવાં ઘણાં દેશોમાં મુશ્કેલ વિઝા ધારાધોરણોનાં લીધે વર્તમાન નાણાંકીય વર્ષનાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં તેમનાં ઑપરેટિંગ માર્જિન ઉપર માઠી અસર થઈ છે. આગામી ત્રિમાસિક ગાળામાં પણ આ પ્રવાહ યથાવત્ રીતે જારી રહે તેવી શક્યતા છે. ઉંચા વિઝા રદ થવાનાં રેટ અને વધારવામાં આવેલાં વિઝા ખર્ચનાં બેવડા પરિબળને લીધે કંપનીઓને માઠી અસર થઈ રહી છે પરંતુ આઉટસોર્સિંગ બિઝનેસનાં બદલાઈ રહેલાં ચિત્રને લઈ ભારતીય આઈટી કંપનીઓ તેમનાં કર્મચારીઓ માટે મોટી સંખ્યામાં વિઝા મેળવવા પ્રયાસ કરી રહી છે. ભારતની સૌથી મોટી સૉફ્ટવેર કંપની તાતા કન્સલ્ટન્સી સર્વિસે ૫૯-એચવનબી માટે આ વર્ષે અરજી કરી છે જે પૈકી જે ગયા વર્ષનાં વિઝા અરજી કરતાં ૧૪૦૦ વિઝા અરજી વધારે છે. ટીસીએસ દ્વારા ગયા વર્ષે અમેરિકાનાં એચવનબી ગ્લોબલ હ્યુમન રિસોર્સ વડા અજોય મુખર્જીએ કહ્યું છે કે, કંપની વધુ

એચવનબી વિઝાની શોધમાં છે. વિઝા ફગાવી દેવાનો ઉંચો દર પહેલાંથી જ જારી છે. ઈન્ડસ્ટ્રી સંસ્થા નાસ્કોમનાં અધિકારીઓનાં જણાવ્યાં મુજબ વિઝા અરજી ફગાવી દેવાનો રેટ અમેરિકામાં ૪૦ ટકા આસપાસ છે. આ ગ્રુપે ભૂતકાળમાં આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. અમેરિકી વહીવટી તંત્ર સાથે વાતચીત થઈ હતી.

ભારતીય આઈટી કંપનીઓ માટે સૌથી સામાન્ય વિઝા કેટેગરી છે તે એલવન, એચ-૧બીનો સમાવેશ થાય છે. બંને કેટેગરી માટે ઓગસ્ટ ૨૦૧૦માં ફીમાં વધારો કરાયો હતો. અમેરિકામાં ભારતીય કંપનીઓ ભારે લાભ મેળવી રહી છે. ભારતીય કંપનીઓમાં ઈન્ફોસિસ ૩૧ માર્ચનાં દિવસે પૂરાં થયેલાં ત્રિમાસિક ગાળામાં વિઝા ખર્ચમાં ૭ મિલિયન ડૉલરનો ખર્ચ કર્યો હતો. ઈન્ફોસિસનો વિઝા ખર્ચ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૧૧માં ૧૫ મિલિયન ડૉલર હતો જ્યારે ઈન્ફોસિસે કુલ વિઝા ચાર્જ હવે વધુ ચૂક્યાં છે.

બીસીસીઆઈની કારોબારી સમિતિની આજે બેઠક મળશે

સ્થાનિક ક્રિકેટનાં માળખામાં ફેરફાર કરવા માટેનાં સૂચનો કરાયાં : શ્રેણીબદ્ધ ફેરફારોને લઈ ચર્ચાઓનો દોર જારી

નવીદિલ્હી, તા.૧૫

બીસીસીઆઈની કારોબારી કમિટીની મિટિંગ આવતીકાલે મળશે જેમાં સ્થાનિક ક્રિકેટમાં સુધારા માટેની ટેકનિકલ કમિટીની ભલામણ ઉપર ચર્ચા કરવામાં આવશે અને આને મંજુરી આપવામાં આવે તેવી શક્યતા છે. સૌરવ ગાંગુલીનાં નેતૃત્વમાં ટેકનિકલ કમિટિ દ્વારા સ્થાનિક ક્રિકેટનાં માળખામાં ફેરફાર માટે ઘણાં સૂચન કરી દીધાં છે. આ કમિટિમાં ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અનિલ કુંબલે પણ સામેલ છે.

કમિટી ૧૨મી જુનનાં દિવસે સ્થાનિક ક્રિકેટ માળખામાં ધરખમ ફેરફારનાં સૂચનો કર્યા હતાં. ભલામણ મુજબ ઈલાઈટ અને પ્લેટ ગ્રુપને ૯ ટીમોનાં ત્રણ ગ્રુપોમાં સામેલ કરવી જોઈએ. લીગ તબક્કામાં દરેક ટીમ ૮ મેચો રમશે.

ગ્રુપ એ, ગ્રુપ બીમાંથી ત્રણ ટીમો અને ગ્રુપ સીમાંથી બે ટીમોને નોકઆઉટ તબક્કા માટે ક્વૉલિફાય કરવામાં આવશે. ક્વાર્ટર ફાઈનલ, સેમીફાઈનલ, ફાઈનલ પાંચ દિવસીય મેચ હશે. જો નોકઆઉટ તબક્કામાં પ્રથમ ઈનિંગ્સનાં પરિણામને પાંચમાં દિવસનાં અંતે મેળવવામાં આવશે નહીં તો મેચ છઠ્ઠા દિવસે લંબાવવામાં આવશે. પ્રથમ ઈનિંગ્સનાં આધાર પર પરિણામ છઠ્ઠા દિવસે પણ મળશે નહીં તો વિજેતા સિક્કો ઉછાળીને નક્કી કરવામાં આવશે. લીગ તબક્કામાં પોઈન્ટ સિસ્ટમમાં ફેરફાર માટે પણ ટેકનિકલ કમિટીએ ભલામણ કરી હતી. ટીમોને પ્રોત્સાહન આપવા માટે થ્રુઆઉટ જીતેલી ટીમને ૬ પોઈન્ટ અપાશે. ૨૦૧૩-૧૪ની સિઝનથી સાલ્વે ચેલેન્જર ટ્રોફીમાં ફેરફારની રજુઆત કરી છે. વર્તમાન રણજી ટ્રોફી ચેમ્પિયન રાજસ્થાન સપ્ટેમ્બરમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા સામે ટકરાશે.

સ્થાનિક ટુર્નામેન્ટોમાં ફેરફારને લઈ કેટલાંક લોકો નારાજ પણ છે. સ્થાનિક વન-ડે મેચોની શરતોમાં કેટલાંક ફેરફાર કરાયા છે. ટેકનિકલ સમિતિ દ્વારા કરાયેલાં ફેરફાર પર નજર કરવામાં આવે તો મહત્તમ ૧૨ ઓવર બોલિંગ કરવાની એક બોલરને મંજુરી આપવાનાં સૂચનનો સમાવેશ થાય છે જ્યારે એક ઓવરમાં બે બાઉન્સર ફેંકવાની મંજુરી આપવાની ભલામણ કરાઈ છે. સાથે સાથે ફિલ્ડરોની સંખ્યા સાથે સંબંધિત નિયમમાં કોઈ ફેરફાર કરાયા નથી.

જમ્મુમાં બસ અકસ્માતમાં ૧૫ અમરનાથ શ્રદ્ધાળુઓનાં મોત

૧૮થી વધુ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ

જમ્મુ, તા.૧૫

જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈ-વે પર મોડીરાત્રે રાજ્ય માર્ગ પરિવહન નિગમની એક બસ ઉંડી ખીણમાં ખાબકી જતાં ઓછામાં ઓછાં ૧૫ લોકોનાં મોત થયા હતાં અને અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતાં. ઘાયલોની સંખ્યા ૧૮ હોવાનું જાણવા મળ્યું છે. મૃત્યુ પામેલાં લોકોમાં મોટાભાગનાં અમરનાથ યાત્રી હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ અધિકારી (રામબાણ) અનિલ મગોત્રાએ કહ્યું છે કે, આ બસ કાશ્મીર ખીણથી જમ્મુ જઈ રહી હતી. રાત્રે આશરે ૧૧.૨૦ વાગ્યે દિગદોલ ખીણ પાસે આ બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. ઘાયલો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી પર નજર રાખનાર મગોત્રાએ કહ્યું હતું કે, આ કામગીરી આજે સવારે પૂરી થઈ હતી. આ ગાળા દરમિયાન ૧૪ મૃતદેહ

મળી આવ્યા હતાં. અન્ય એક યાત્રીનું મોત જમ્મુનાં જીએમસી હૉસ્પિટલમાં થયું હતું. ઘાયલ થયેલાં લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. ગંભીર રીતે ઘાયલ થયેલાં યાત્રીઓને જીએમસી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

મગોત્રાએ કહ્યું હતું કે, ભોગ બનનાર લોકો અમરનાથ યાત્રી હતાં પરંતુ વધુ માહિતી મળી શકી નથી. રજિસ્ટ્રેશન દસ્તાવેજોની ચકાસણી બાદ જ વધુ માહિતી મળી શકશે. સરકારનાં અધિકારીઓ પણ પહોંચી ગયા છે. દરમિયાન જમ્મુ-કાશ્મીરનાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ માર્ગ અકસ્માતમાં ૧૫ લોકોનાં મોત મામલે દુઃખની લાગણી વ્યક્ત કરીને મૃતકોનાં નજીકનાં સંબંધીઓને એક-એક લાખ આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ ઘાયલ થયેલાંઓને દસ હજાર આપવાની જાહેરાત કરી છે.

તમામ શ્રદ્ધાળુ અમરનાથ યાત્રી હોવાનું જાણવા મળી રહ્યું છે. જમ્મુ-શ્રીનગર હાઈ-વે પરથી આ બસે કાબુ ગુમાવી દીધાં બાદ બસ ઉંડી ખીણમાં પડી હતી. કાશ્મીર ખીણથી જમ્મુ તરફ આ બસ જઈ રહી હતી.

એનઆઈએની ૨૨ મોસ્ટ વોન્ટેડની યાદીમાં બે પાક. મેજર સામેલ

નવીદિલ્હી, તા.૧૫

રાષ્ટ્રીય તપાસ સંસ્થા એનઆઈએની ૨૨ મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓ અને અપરાધીઓની યાદીમાં પાકિસ્તાની સેનાના અધિકારી મેજર ઈકબાલ અને મેજર સમીરઅલીનાં નામ જોડાઈ ગયા છે. આ બંને પર વર્ષ ૨૦૦૮નાં મુંબઈનાં આતંકવાદી હુમલાને અંજામ આપનાર દસ આતંકવાદીઓને હથિયારો અને તાલિમ આપવાનો આરોપ છે. બંનેની સામે રેડકોર્નર નૉટિસ હવે જારી કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે, મુંબઈનાં આતંકવાદી હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓને તમામ સુવિધા આ બે શખ્સોએ જ કરી હતી. સૈયદ ઝબુઉદ્દીન અંસારી ઉર્ફે અબુ જુંડાલે પૂછપરછ દરમિયાન અધિકારીઓને કહ્યું છે કે, મેજર ઈકબાલે નૌકા માટે ૨૫ લાખ રૂપિયા આપ્યા હતાં જેનો ઉપયોગ મુંબઈ સુધી પહોંચવા માટે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો.

મેજર સમીરઅલી અંગે જુંડાલે પૂછપરછ કરનાર અધિકારીઓને કહ્યું હતું કે, પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ સાથે સમીરઅલીનાં સંબંધ હતાં. આ શખ્સે મુંબઈનાં આતંકવાદીઓને એકે-૪૭નાં કારતૂસનાં બે બોક્સ આપ્યા હતાં. મેજર સમીરઅલીનું સરનામું પાકિસ્તાનનાં લાહોર શહેર છાવણી વિસ્તારનું છે. મેજર ઈકબાલનું સરનામું પણ લાહોર છાવણીમાં વિમાની મથક પાસે છે. એનઆઈએની મોસ્ટ વોન્ટેડની યાદીમાં લશ્કર-એ-તોયબાનાં સ્થાપક હાફીઝ મહંદમ સઈદનું નામ પણ છે જેના અંગે જુંડાલે કહ્યું છે કે, મુંબઈ આતંકવાદી હુમલાનાં સંબંધમાં આતંકવાદીઓને ટૂંકાટૂંકા ગાળામાં કરાંચી કંટ્રોલરૂમમાંથી માહિતી મળી રહી હતી. સઈદ સામે પણ રેડકોર્નર નૉટિસ જારી કરવામાં આવી ચૂકી છે. એનઆઈએની યાદીમાં તોયબાનાં કમાંડર ઝાકીર-ઉર-રહેમાન લખવી સામે પણ નૉટિસ જારી કરવામાં આવી ચૂકી છે. યાદીમાં દિલ્હી હાઈકોર્ટ બહાર ૭ સપ્ટેમ્બર ૨૦૧૧નાં દિવસે થયેલા બ્લાસ્ટનાં આરોપીઓનાં નામ છે જેમાં આમિરકમાલ ઉર્ફે અકમ, જુનૈદ અકમ અને શકીરહુસૈનનો સમાવેશ થાય છે.

રણબીર રમતગમત ઉપર ફિલ્મ કરવા માટે ઇચ્છુક

મુંબઈ, તા. ૧૫

યુવા પેઢીના લોકપ્રિય અભિનેતા રણબીર કપુરે રમતગમતલક્ષી ફિલ્મોમાં કામ કરવા માટે ઈચ્છુક દેખાઈ રહ્યો છે. હાલમાં તે બરફીમાં કામ કરી રહ્યો છે. જેમાં પ્રિયંકા ચોપડા તેની સાથે મુખ્ય અભિનેત્રી તરીકેની ભુમિકામાં છે. રણબીર કપુરે વાતચીતમાં જણાવ્યું છે કે તે ફુટબોલ, હોકી, બોક્સીંગ, કબડ્ડી અને અન્ય ઘણી રમતો ઉપર ફિલ્મ બનાવામાં આવે તેમ ઈચ્છે છે. રણબીરે એમ પણ કહ્યું છે કે તે પોતે પણ રમતગમત પર આધારીત ફિલ્મમાં કામ કરવા માટે ખુબ જ ઉત્સુક છે. ૨૯ વર્ષીય અભિનેતાએ કહ્યું છે કે રમતગમત પ્રત્યે તે હમેશા ખુબજ ઉત્સાહિત રહે છે. રમતગમતને પ્રોત્સાહન આપવા આ વિષય ઉપર ફિલ્મ બનાવવામાં આવે તે પણ જરૂરી છે. શકીય રહેવાથી લાઈફસ્ટાઈલને વધુ સ્વસ્થ રાખી લેવાય છે. હેલ્થી લાઈફ સ્ટાઈલ માટે રમતગમત અતી જરૂરી છે. હેલ્થી લાઈફસ્ટાઈલમાં ખુબ સારી ઉંઘ, સારી રમતગમતની પ્રવૃત્તિ અને યોગ્ય કસરતનો સમાવેશ થાય છે.

યુવતી સાથે છેડતી કરવા બદલ જવાનની ધરપકડ

નવીદિલ્હી,તા.૧૫

આસામનાં શિવસાગર જિલ્લામાં ડીમોવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલાં પાનીધીહીંગદોલપા ગામમાં એક બાળકી સાથે સતામણી કરવાનાં પ્રયાસમાં સેનાના એક જવાનની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે માહિતી આપતાં કહ્યું છે કે, આ જવાનને રંગેહાથ પકડી પાડવામાં આવ્યો છે. જવાનની ધરપકડ કરવામાં આવ્યા બાદ પૂછપરછ કરાઈ છે. આસામમાં મહિલા સામે ગુનાઓ એકાએક સપાટી પર આવી રહ્યાં છે. ગુવાહાટીમાં તાજેતરમાં જ સામૂહિક સતામણીનો કેસ હજુ ચાલુ છે ત્યારે વધુ એક મામલો સપાટી પર આવ્યો છે. શિવસાગરનાં પોલીસ અધિકારી અખિલેશકુમારે કહ્યું છે કે, સેનાનાં જવાનને સતામણી કેસમાં સંડોવણી બદલ પકડી પાડવામાં આવ્યો છે. નિતિયાપુખરીનો જવાન સ્થિત આર્મી કેમ્પનાં જવાન અનિલ ઉપાધ્યાયની ધરપકડ કરવામાં આવી છે. આ જવાન પોલીસ કસ્ટડીમાં છે અને તેની પૂછપરછ ચાલી રહી છે. ૧૩ સભ્યોની આર્મીની ટીમ પૂરગ્રસ્ત દોલપા વિસ્તારમાં પેટ્રોલિંગ પર હતી ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસે કહ્યું છે કે, આસપાસ કામ કરતી કેટલીક મહિલાઓએ ઉપાધ્યાયને બાળકી સાથે છેડછાડ કરતો જોયા બાદ આ સંબંધમાં પોલીસને જાણ કરાઈ હતી. સ્થાનિક લોકોમાં ભારે નારાજગીનું મોજુ ફરી વળ્યું છે.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

એ લેખ ઉષ્ણ ઉષ્ણ રોટલાની જેમ જ જમી જવાય છે. અને કશા ઉમેરણ વિના એ સર્વ સ્વાદ-રસાયણ બની જાય છે. પણ એ પીવા કરતાં ચાવવા માટે દાઢમાં મમળાવવાથી ઓર સ્વાદ આવે છે. આ બ્રહ્માંડ ઘડતાં બ્રહ્માને સર્જનનો આનંદ આવ્યો એટલે વિષ્ણુ નહીં પામ્યા હોય. પામવા માટે ઉમેરાવું પડે છે. એ પછી આત્મસાત એકરૂપ એક સ્વાદ થાય છે. મેં ઘણીવાર દોહરાવીને કહ્યું છે કે ઇશ્વરે એક શરત કરી છે. તમારી જિહ્વા, રસાળ થાય, એનો રસ ઉમેરાય પછી જ ભોજન પદાર્થ રસાળ, ભોગવવા જેવો થાય, અર્દુ જગત નિરસ છે. એને તમારો રસ ઉમેરીને સ-રસ બનાવો, પામો, તમે જાણે રોટલો ઘડો એવો ત્વરિત ઉમળકાથી લેખ ઘડી કાઢયો છે. એમાં એટલું બધું વૈવિધ્ય છે કે એવું જીવન જીવવા ન મળ્યું એવી અધુરણ અનુભવાય છે. ટૂંકા ટૂંકા વાક્યો ને થપથપાટે થપાતો, ઘડાતો ગયો નિબંધ, એની સાહજિક ઉમંગીગતિ એવી છે કે ક્યારે આખા રોટલાની જેમ નિબંધ જમી ગયો એનો ખ્યાલ જ રહ્યો નહીં.

વાત પણ સાચી છે. અન્ન અને શબ્દ બંને પરબ્રહ્મ. શબ્દ અને સ્વાદ બંને સહોદર. સ્વાદને નાદના તે શા વિવાદ. એ સ્વાદ બ્રહ્મથી શબ્દ બ્રહ્મ સુધીની એક ગૃહિણીની આ સીધી સાદી સાધના એટલે લખવૈયાગીરીના નિબંધો, રસોઇ જેનો સ્વધર્મ અને રસોડું તેનું ધર્મક્ષેત્ર. રસોઇ તેમનો સ્વભાવ અને રસોડું તેનો આવિર્ભાવ. જેથી ગુજરાતી વાચકને એક અનોખા પ્રકારનાં લેખો મળ્યાં છે. તેનું શિરામણ કરો કે પલાંઠીવાળી ભરપેટ જમો તે તમારે નક્કી કરવાનું છે.

લખવૈયાગીરી પુસ્તકના લેખિકા અરૂણાબેન જાડેજાનો જન્મ સુરત ખાતે તા. ૯/૧૧/૧૯૫૦ માં થયો છે. એમ.એ, બી.એડ. થયેલ અરૂણાબેને વાડિયા વીમેન્સ કોલેજ સુરતમાં અધ્યાપન કાર્ય કર્યું તે પછી અંધજન મંડળ અમદાવાદ ખાતે માનદ સેવાઓ આપે છે. સાહિત્ય ક્ષેત્રે મુખ્યત્વે અનુવાદક તરીકે જાણીતા અરૂણાબેનને ગુજરાત સાહિત્ય અકાદમીના પારિતોષિકો પ્રાપ્ત થયા છે. અનુવાદનાં તેમનાં પંદરેક જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. પણ મૌલિક લેખોનું આ પુસ્તક પ્રગટ થાય છે. તેનો તેમને વિશેષ આનંદ છે. તે માટે તેઓ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના મનુભાઇ શાહ, રોહિત કોઠારી/શાહની ત્રિપુટીને આ પ્રકાશન માટે યશનાં ભાગીદાર બનાવે છે. ખરેખર આ પુસ્તક રસાસ્વાદ માણ્યા વિના ચાલે તેવું નથી. એક અલગ વિષયનાં નિબંધોનું આ પુસ્તક ઝરમર વરસતાં વરસાદનાં આસ્વાદ્ય બને તેવું છે.

લખવૈયાગીરી
લેખિકા : અરૂણા જાડેજા
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ.
પૃષ્ઠ : ૮૬, કિંમત : રૂા. ૫૫/-
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨.

(પરણેતરની પ્રીત) (અનુસંધાન પાના નં. ૪ પર)

દેવો ચુપચાપ ગગજીને સાંભળી રહ્યો. ગગજીને શું કહેવું! પત્ની સાથેના આડા સંબંધની વાત તો કરાય નહીં!

દેવા અને ગગજી વચ્ચેનો વાદવિવાદ સાંભળતા રામસંગભાઈના ખેતરમાં કામ કરતાં ખેતમજૂરો દોડી આવ્યાંને દેવાને જોતા બોલી ઊઠ્યાં, "અરે દેવાભાઈ તમે!"

"હા... ભાભી"

"ક્યારે આવ્યાં!"

"બસ અડધો કલાક થયો."

"હા, અમે ખેતરમાં આવતાં તમનો જોયા હતા. પરંતુ તમે હશો તે તેવી કલ્પના કેમ કરાય! તમે તો શહેરમાં રહો અહીં ખેતરમાં ક્યાંથી આવો!"

"કેમ?"

"અરે ભાભી, તમે જાણવા છતાં અજાણ્યાં કેમ થઇ જાવ છો?"

"અરે દેવાભાઇ, તમે ખેતર આવવાનાં છો એની અમને ક્યાંથી જાણ હોય!" લાભુએ કહ્યું.

"પૂછોને કંકુ ભાભીને! કંકુ ભાભીની વાતથી તો મારી ઊંઘ હરામ થઇ ગઇ છે."

"અલી કંકુડી, તું જાણે છે તો પછી કેમ કાંઇ બોલતી નથી."

"લાભુ, તું પણ જાણે છે કે આ ખેતરમાં શું થયું હતું. તો પછી તું ચૂપ કેમ રહે છે."

"કંઇ બાબત વિશે?"

"કેમ તને નથી ખબર! અમુ અને ગગજીની પ્રેમલીલાની!"

કંકુની વાત સાંભળતા લીલાએ એક તમાચો કંકુના ગાલ પર લગાવી દીધો ને બોલી ઊઠી. "અલી કંકુડી આવી વાત દેવાભાઇ ને કહેવાય?"

"અરે મુખીના કુટુંબના કોઇ હાથ કાળા કરે તો વાત તો કરવી જ પડે ને!"

કંકુની વાત સાંભળતા ગગજી બોલી ઊઠ્યો, "કંકુ ભાભી, તમે કંઇ પ્રેમલીલાની વાત કરો છો?"

"અરે ગગજી, તું ચુપ રહે! તારા પાપે જ અમુ ભાભી બેભાન થઇ ગયેલી અને સોનબાને ચિંતામાં મુકી દીધેલા સમજ્યો!"

"મેં એવું તે શું કર્યું હતું?"

"ગગજીળા તું અમારા મોઢે શા માટે બોલાવે છે, જાણવા છતાં અજાણ થાય છે."

"કંકુ ભાભી જે વાત હોય તે આજે જ દેવાભાઇની હાજરીમાં કહી દો, તમે ખોટે ખોટી કાન ભંભેરણી કોઇને કરી લાગે છે." ગગજીએ કહ્યું.

"હવે હરિશ્ચંદ્ર થામાં તું અને અમુ ભાભી ખેતરે કેવી પ્રેમલીલા કરતાં હતા." કંકુએ મમરો મૂકતા કહ્યું.

અમુ ભાભી સાથેના પ્રેમની વાત સાંભળતા ગગજીનું શરીર લાલઘૂમ થઇ ગયું. તેણે કંકુનો ઉધડો લીધો અને ખેતમજૂર હોવાનું ક્ષણ ભર ભૂલી ગયો ને કંકુનાં ગાલ પર જોરથી એક તમાચો લગાવતા બોલ્યો. "ખબરદાર, અમુભાભી વિશે એક પણ શબ્દ બોલી તો ગંગા જેવી પવિત્ર સ્ત્રી પર છાંટા ઉડાળતાં શરમ નથી આવતી."

કંકુના ગાલ પર તમાચો મારતા લીલા અને લાભુ સ્તબ્ધ થઇ ગઇ ને પછી આવેશમાં આવી ગગજીને કહેવા લાગી "ગગજી, અમુ તારા મોઢામાં રોટલાનાં બે બટકા મુકી ખવરાવતી તે તું ભૂલી ગયો!"

આથી ગગજી નખશિખ ગુસ્સે થઇ ગયો ને બોલી ઉઠ્યો, "આને પ્રેમલીલા ન કહેવાય તો શું કહેવાય?"

"અરે કંકુ ભાભી, પાણી વાળતા હું ક્યારામાં લપસી પડેલ આથી કાંડામાથી મારો હાથ ઉતરી ગયેલ, હું ખાઇ શકતો નહિ એટલે મારી બહેજ જેવી અમુભાભી."

(ક્રમશઃ)